સ્થાપના : ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો. : ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ મે - ૨૦૨૪
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૫

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.
કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




## અનાવિલ સમાજ ની પ્રવૃતિઓ







tripoly
થઇ જાઓ તૈયાર અવે
યુરોપ વેકેશન
₹ ૧,૯૯,૯૯૯ /- થી શરૂ થાય છે
યુરોસ્કેપ લેડીઝ સ્પેશિયલ
+૯૧ - ૮૫૯૧૯૫૯૧૬૩

## અભિનંદન
## કાવ્યા નાયક




કાવ્યા નાયક સુરત ૨ ગોલ્ડ મેડલ, દુબઈ બુડોકન કપ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ ૨૦૨૪ કેન્ટ કોલેજ, દુબઈ ૨૮ એપ્રીલ ૨૦૨૪માં જીતી સફળતા પ્રાપ્ત કરી હતી.

## અભિનંદન

ગામ મજીગામ, હાલ બીલીમોરાના દિપકભાઈ અરવિંદભાઈ મહેતાની નેશનલ લેબર ઓગેનાઈજેશન દિલ્હી ના જનરલ કાઉન્સિલ ના સભ્ય તરીકે પ્રમુખ સુરેન્દ્રકુમારે નિમણુંક કરી હતી.

## અભિનંદન





આ બુક મારા થકી લખાય છે. આ ગ્રુપમાં અગાઉ જણાવીયુ હતું. જેમને જોઈતી હોય તો મારો સંપર્ક કરશો.

બીનાબેન કમલેશભાઈ દેસાઈ
મો.: ૯૯૭૪૪૩૪૯૫૦
કલ્પના રાજેશભાઈ દેસાઈ
મો.: ૯૬૦૧૩૧૬૦૫૬
કિંમત : રૂ. ૫૦.૦૦

# અભિનંદન – Kalaa-88 ડાન્સ ગ્રુપ



નેહા દેસાઈ અને તેમના સહકલાકાર મિત્રોની મહેનત અને સાથ સહકારથી મુંબઈ ખાતે અયોજિત ઑલ ઇન્ડિયા ડાન્સ સ્પર્ધા (અંતરંગા ઉત્સવ)માં સફળતા પ્રાપ્ત કરી છે. (૧) સેમી ક્લાસીકલ ડાન્સ અને ગરબા બંને માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું (૨) નેહા હિરેન દેસાઇ સોલો ભારતનાટ્યમ્ ડાન્સ માટે તેઓ Outstanding Performance Award ને પ્રાપ્ત કર્યું. આ સ્પર્ધા મિનિસ્ટ્રી ઓફ કલ્ચરલ ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયા ડાન્સર એસોસિયેસન દ્વારા સમર્થમ મળ્યું છે અને ઓલ ઇન્ડિયા ડાન્સર એસોસિયેશન દ્વારા આયોજન કરાયું હતું.




રણછોડ મોટા કપ કુલ ૮ ટીમ ઓલ અનાવિલસ ૮૦ ઓવર લીમીટેડ ઓવર ટુર્નામેટ્સ ૨૭–૨૮ એપ્રીલ ૨૦૨૪ વલસાડ રોણવેલ મુકામે યોજાઈ હતી.

## શુકલેશ્વર મહાદેવ મંડળ અનાવલ સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર



# અવસાન

| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| અંબાડા | સ્વ. રમેશભાઈ બળવંતરાય દેસાઈ | ૦૫.૦૪.૨૦૨૪ |
| ભંદેલી | સ્વ. નલીનભાઈ દેસાઈ | ૦૭.૦૪.૨૦૨૪ |
| વાલકેશ્વર | | |
| અંધેરી (પૂર્વ) | સ્વ. શ્રીમતી સુરેખાબેન | ૧૮.૦૪.૨૦૨૪ |
| વલસાડ,અબ્રાલા | સ્વ. કાંતીલાલ (રવુભાઈ) દેસાઈ | |
| વેગામ | ગં.સ્વ. કાંતાબેન દોલતરાય નાયક | ૧૪.૦૪.૨૦૨૪ |
| કતારગામ | સ્વ. દમયંતીબેન હર્ષદભાઈ દેસાઈ (બાદશાહ) | ૧૭.૦૪.૨૦૨૪ |
| | સ્વ. હેમલતાબેન રામચંદ્રભાઈ દેસાઈ | ૧૯.૦૪.૨૦૨૪ |
| કતારગામ,મુંબઈ | સ્વ. ગાયત્રીબેન રસીકલાલ દેસાઈ | ૧૫.૦૪.૨૦૨૪ |
| સુરત | સ્વ. રમેશચંદ્ર સી. દેસાઈ | ૨૧.૦૪.૨૦૨૪ |
| વાસણ | સ્વ. રોશની નયન દેસાઈ | ૨૪.૦૪.૨૦૨૪ |
| દેસાડ | સ્વ. શૈલેષભાઈ નાનુભાઈ વશી | ૨૮.૦૪.૨૦૨૪ |
| સાલેજ | સ્વ. રંજનબેન સુમંતરાય નાયક | ૨૭.૦૪.૨૦૨૪ |
| કાલીયાવાડી | સ્વ. નવીનચંદ્ર ગુલાબભાઈ દેસાઈ | ૨૫.૦૪.૨૦૨૪ |

# જરૂરી સૂચના

માયદેવ માટલા, વાકિયાસ હરખાનો સામાન, ગોરમટી, અળાયા, ઊભારો, લાલ શાલ, વર બેડું, ગોરમટી માટેની ટોપલી/ કોદાડી, વાલો, ગોત્રેજ, ઘડો, નામણ દિવો, અખંડ દિવો, ઇંડી-પાડી વગેરે લગ્નમાં રીત-રિવાજમાં જરૂર વસ્તુઓ ફ્રી માં મળશે. બધી વસ્તુઓ એક જ જગ્યા એ મળી રહે એ હેતુથી આ સેવા કરે છે. કામ પૂરુ થાય બાદ પાછી બધી વસ્તુઓ પરત કરવી. બધી વસ્તુઓ શણગાર કરેલી મળશે.

**સંપર્ક : કલ્પના રાજેશભાઈ દેસાઇ**

**મો. : ૯૬૦૧૩ ૧૫૦૫૬,**

**ઘમડાચી- દેસાઇ ફળિયું, વલસાડ**

# સમજાય એને વંદન, ન સમજાય એને પણ વંદન

## સરસ આર્ટિકલ



ભવેન કચ્છી નામ તો સાંભળ્યું જ હશે ! એક વર્તમાન પેપરના કટાર લેખક છે. એમનો એક લેખ વાંચ્યો. ખૂબ વાસ્તવિક લાગ્યો. એટલે એનું સંક્ષિપ્તતીકરણ કરીને રજૂ કરવાનું મન થયું. જરૂર વાંચજો. આપણા જીવનને લગતું છે.

સંકલન – મધુસુદન દેસાઈ

**ઉડી ગયેલા (ફ્યુઝડ) બલ્બની ક્લબ**

રિટાયરમેન્ટ પછી ઘણા લોકો ભારે અજંપો અને એકલતા અનુભવતા હોય છે, કારણ કે તેઓએ તેમની અગાઉની કારકિર્દીમાં ખૂબ પ્રતિષ્ઠા, પદ, પૈસો,માન, સન્માન, લોક ચાહના મેળવી હોય છે. એટલે એ બાબતમાં એક અહંકાર **Ego** અજાણતા જ મનમાં ઘર કરી ગયો હોય છે. નિવૃત્તિ બાદ પદ ગયું અને બધું જ રદ થયું...

ચાલો, આજે એક સજ્જનની વાત કરીએ જેઓ આવી પીડા થી, અજાણ્યા ઈગો થી પીડાતા હતા. તેમના ઘરની સામે ગાર્ડન હતો. તેમના જેવા નિવૃત્ત વડીલો ત્યાં આવી સાથે મળીને ગ્રુપમાં બેસતા. આ સજ્જને પણ ત્યાં જવાનું શરૂ કર્યું. પણ અંદરના ઈગોને કારણે એકલા બેસતા. તેમને બેઠેલા બીજા વડીલો સામાજિક, શિક્ષણ, વગેરેની દ્રષ્ટિએ પછાત લગતા. આવા લોકો સાથે બેસવાથી પોતાની પ્રતિભા ખરડાય એવું માનતા. બાંકડા પર દૂર બેસીને ગ્રુપમાં બેઠેલા વડીલોની વાતો જરૂર સાંભળતા. તેમને નવાઈ લાગતી. કારણ વડીલોની ચર્ચાના વિષયમાં વિજ્ઞાન, રાજકારણ, તત્વજ્ઞાન, દેશ–વિદેશની

ચર્ચાઓ, થતી. આ વડીલોનું ગ્રુપ ભજીયા ગાંઠીયા વગેરે નાસ્તો મંગાવીને પણ ખાતા. એ પણ આ સજ્જન ને ટિપિકલ । મિડલ ક્લાસ જેવું લાગતું.

થોડા દિવસ તો આ સજ્જને દૂર કે નજીક બાંકડા પર બેસીને તેમની વાતો સાંભળી. પણ આખરે તેઓ પણ તો એક સામાજિક પ્રાણી હતા. એકલતા લાગવા માંડી. પણ તેમની અંદરનો અહંકાર તેમને આ લોકો સાથે ભળવા ન દેતો. એમને એમ હતું કે આ ગ્રુપના વડીલો સામેથી બોલાવે. ખરી રીતે તો તેમણે જ સામે ચાલીને ગ્રુપમાં ભળી જવું જોઈતું હતું. પરંતુ ગુરુતાગ્રંથીને કારણે એમ ન કરી શક્યા.

નસીબ જોગે ગ્રુપમાંના એક વડીલે જ સામે ચાલીને એ સજ્જનને નાસ્તામાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. પછી પરિચય પૂછ્યો. સજ્જન તો રાહ જ જોતા હતા કે તેમના વિશે કોઈ પૂછે !! તક મળી ગઇ એટલે સજ્જન તો પોતાની ઝળહળતી કારકિર્દી, પોતાના ઠાઠમાઠ, ની બડાઈ હાંકવા લાગ્યા. એમને એમ હતું કે આ મધ્યમ વર્ગીયોને પ્રભાવિત કરી તેમના પર રોફ જમાવીશ. બધા તેમને અહોભાવથી જોશે. સજ્જને તો તેમના હાથ નીચે કેટલા કર્મચારીઓ કામ કરતા, તેમજ તેમને ફાળવવામાં આવેલ બંગલા, ગાડી, વગેરેનો ઉલ્લેખ કરી જાહોજલાલીની વગેરે વાતો કહેવાની શરૂ કરી. વડીલ ના ગ્રુપના બધા સભ્યો શાંતિથી તેમની વાત સાંભળતા. તેમની કારકિર્દીને બિરદાવતા. આવું થોડા દિવસ ચાલ્યું, ત્યારે એ સજ્જન ને લાગ્યું કે હું તો ફક્ત મારી જ વાત કરું છું. મારી વાત સાંભળીને તેઓ તો પછી અન્ય વિષય પર મજાક મસ્તી અને નાસ્તા કરીને છૂટા પડે છે !!

આખરે એક દિવસ એ સજ્જને તેમને પૂછી જ લીધું કે તમે બધા પહેલા શું કરતા હતા ? નોકરી કે ધંધો ?

( જવાબ તો વડીલ નો સાંભળવા જેવો છે )

તેમણે સહજતાથી જ કહ્યું, શું કરતો હતો તેનું હવે શું કામ છે ? પેલા સજ્જન ને થયું, કદાચ મારો ઉચ્ચ હોદ્દો અને રૂઆબ જોઈને તેઓ લઘુતાગ્રંથી અનુભવતા હશે ! પણ બીજા એક વડીલે વાતાવરણ હળવું બનાવવા કહ્યું, ભાઈ ! અહીં હાજરી આપનાર કોઈને પણ તમે આ સવાલ પૂછશો તો તેનો ઉત્તર આવો જ હશે કે, શું કરતો હતો તેનું હવે શું કામ છે ? પછી તે વડીલે સજ્જનને કહ્યું, તમે નવા સવા છો એટલે તમને જણાવી દઈએ કે અમારા ગ્રુપનું નામ ફ્યુઝડ બલ્બ એટલે કે ઉડી ગયેલા બલ્બનું ગ્રુપ કે કલબ છે અમે ભવ્ય ભૂતકાળને ભૂલીને વર્તમાનમાં જીવીએ છીએ. અમારો ભૂતકાળ જેવો પણ હતો ! અમે ત્યારે જેવા પણ હતા ! તે વાતને કાળની કુંડીમાં ધરબીને, એક સન્માનનીય, વયસ્ક નાગરિક, પરિવાર જનની રીતે જીવન વ્યતીત કરીએ છીએ. તમે જે વડીલને પ્રશ્ન પૂછ્યો હતો કે શું નોકરી કે ધંધો કરતા હતા, તેમનો પરિચય હું જ આપી દઉં. તેઓ ઈસરો (ꠇꠇꠁꠇꠅ) માં જાણીતા વૈજ્ઞાનિક તરીકે નિવૃત્ત થયા છે. તેમના દીકરાઓ અમેરિકામાં છે. પણ તેમને ભારતની સામાજિક લાઈફ ગમે છે તેથી તેઓ અહીં રહે છે.

પેલા સજ્જને એ પછી બીજા વડીલો વિશે પણ જાણ્યું કે અહીં ગ્રુપના બીજા વડીલો માંથી કોઈ ભૂતપૂર્વ સાંસદ, કોઈ આઈએએસ, કોઈ યુનિવર્સિટીના ચાન્સેલર, કે કોઈ રેલવેમાં મેનેજર હતા. હવે નિવૃત્ત જીવન જીવતા હતા.

પેલા સજ્જન ની તો કાપો તો લોહી ન નીકળે એવી હાલત થઈ ગઈ. હજી તો એ સજ્જન આ દ્વિધામાંથી બહાર આવે તે પહેલા જ એકબીજા વડીલે તેમને જણાવ્યું, અમે બધા ફ્યુઝડ ઉડી ગયેલા બલ્બ તરીકે ના અસ્તિત્વનો સહર્ષ અને ગૌરવભેર સ્વીકાર કરીને જીવનના નવા અધ્યાયને માણીએ છીએ. અત્યાર સુધી કંપની, બોર્ડ,

ધંધા, માટે જીવ્યા. હવે અમે અમારી જોડે, અમારા માટે જીવીએ છીએ. તેમણે આગળ કહ્યુ, ઉગતા સૂરજને જ બધા પૂજે છે. હવે અમે આથમી ચૂક્યા છીએ. સંસાર પરિવર્તનશીલ છે તેવા ભગવત ગીતા ના બોધને આ રીતે જ લેવાનો છે. ભૂતકાળમાં જે મેળવ્યું એ મનોમન એક ઉપલબ્ધિ જરૂર માનીએ છીએ. અગાઉની અવસ્થાને મૃત્યુ સમજી, નવી અવસ્થા અને મનોસ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે. તમે નવા નવા અમારા ગ્રુપની નજીક આવ્યા ત્યારે જ અમે સમજી ગયા હતા કે તમે પણ ઉડી ગયેલા બલ્બ છો પણ તમારું મન એ સ્વીકારતું ન હતું. તે અવસ્થા હવે તમારો ભૂતકાળ બની ગઈ છે. ફ્યુઝડ બલ્બ ભલેને ગમે તેટલા પાવરનો હોય પરંતુ ઝીરો અહંકાર ધરાવતો નવો બલ્બ આપણે ન બની શકીએ ??

પેલા સજ્જને આંખમાં ભીનાશ સાથે ગ્રુપને નમ્રતાપૂર્વક પૂછ્યું, આજથી મને તમારો ઉડી ગયેલા બલ્બની ક્લબનો સભ્ય બનાવશો ?

મિત્રો, પદ, પ્રતિષ્ઠા, મોભો, દરજ્જો, છોડીને સાહજિકતાથી જીવન જીવવાની શરૂઆત તો કરી જુઓ !! અને પછી જુઓ કે કેવી મજા છે એમાં.

મિત્રો, જીવનમાં શિખર ઉપર પહોંચવાની મહત્વકાંક્ષા હોવી જ જોઈએ. અને પહોંચવાની કોશિશ પણ કરવી જોઈએ. પણ પહોંચી ગયા પછી પગ તો જમીન પર જ રાખવા જોઈએ. કારણ કે શિખરમાં એકલતા છે અને જમીન પર મિત્રતા છે. મિત્રતાને જાળવવી હોય, બધાની સાથે બેસીને આનંદ કરવો હોય, તો યાદ રાખજો કે આકાશમાં ઉડયા પછી આખરે તો જમીન પર જ આવવાનું છે તો પગ તો જમીન પર જ રાખવા.

– રાજકોટમાં રેઇસકોર્સ ખાતે માયાભાઈની ચા પીતા પીતા બાંકડે મળતા મારા વ્હાલા મીત્રો ને સમર્પણ.

– લી. ભાવેન કચ્છી

# શુભ પ્રસંગે અનાવિલોમાં અપાતો દરનો લાડવો

રીત :માપ :

૨૦ કિલો – છડેલા ઘઉંનો ગગરો લોટ
૧૫ કિલો – ચોખ્ખુ ઘી
૨૦ કિલો – ખાંડ
જોઇતા પ્રમાણમાં – એલચી પાવડર
જોઇતા પ્રમાણમાં – સાકર (પાસા)

૧) ચણાનો લાડવો

| | |
|---|---|
| અઢી કિલો – ચણાનો ગગરો લોટ | ૨) માપ – ૮ કિલો |
| અઢી કિલો – ઘી | ૫/૧ કિલો |
| અઢી કિલો – ખાંડ | ૭ કિલો |
| જરૂર પ્રમાણે – એલચી | ૫૦ ગ્રામ |

પાનસેરનો લાડવો કરવો હોય તો

૧ કિલો – લોટ
૧ કિલો – ખાંડ
૧/૨ કિલો – ઘી

તલીયુ ખાવું : ગોળ પાપડીની જેમ બનાવી લાડવા બનાવવા.

| | |
|---|---|
| ૨/૧ કિલો ઘઉંનો લોટ | ૭૫૦ ગ્રાં – તલ |
| ૨/૧ કિલો –ગોળ | ૧ કિલો ઘી |

રવા મેંદાની પુરીનું માપ

| | |
|---|---|
| માપ – ૧ | માપ –૨ |
| ચાર વાટકી રવો | ૫ કિલો – રવો |
| અડધી વાટકી મેંદો | ૨/૧ કિલો – મેંદો |
| એક ચમચી ઘઉંનો લોટ | ૨/૧ કિલો – મોણ |
| | ૩ કિલો – ઘી તળવા માટે |

મુઠી પડતું ઘીનું મોણ, ગરમ પાણીથી લોટ બાંધવો, ઘીમાં તાપે તળવું.

**અનાવિલ રિવાજ દર્પણમાંથી સાભાર સ્વીકાર**

# અનાવિલ રિવાજ દર્પણમાંથી સાભાર સ્વીકાર

## કાચા ચાંલ્લા

દીકરા-દીકરીના લગ્ન માટે જોવાનું રાખવાનું આવે ત્યારે જો બંને પક્ષે જો - બધી રીતે હા હોય તો બંને પક્ષે પ્રથમ શુકનની વિધિવમાં ચાંદી આપવામાં આવે છે. એટલે ભગવાનના સિક્કા સાથે લઇ જવા, જો બંને પક્ષે હા થાય તો પ્રથમ ચાંદી જ આપવામાં આવે છે. આ સાથે મીઠાઈ લઇ ગયા હોય તો તે આપવામાં આવે છે. ઘરના બધા સભ્યો કવર કે ચાંદીની વસ્તુ શુકનમાં આપે છે.

ત્યાર પછી પાકા ચાંલ્લાની વિધિ કરે છે. ઘણાં કુટુંબોમાં પાકા ચાંલ્લા ન રાખતા સીધા લગ્ન પણ રાખવામાં આવે છે.

## પાકા ચાંલ્લા

**છોકરીવાળાએ લઇ જવાની વસ્તુઓ :**

૧) સાકર કે પતાસાનો પડો ત્રિકોણ આકારનો આવે છે.

૨) છાબમાં (થાળી)માં હાર, કલગી

૩) ડબ્બામાં લાડવા, થાળી કે ડિશમાં શણગારીને લઇ જાય છે. આ દરેકની ઇચ્છી અનુસાર

૪) ડીચીવાળા પામ - ૧૧ નંગ, કંકુ, સોપારી - ૧૧ નંગ

૫) કાચા કેળાનો તાકરો-એકી સંખ્યાવાળો ૧૧ કે ૧૩

૬) કાચા કેળા ન મળે તો પાકા કેળા પણ ચાલે

૭) બ્રાહ્મણ માટે કવર

૮) કુંવારીકાનું કવર

૯) ગીત ગાવાનું કવર

૧૦) જમાઇરાજ માટે રીત (પેશ ભરવાની)નું કવર વીંટી પણ લઇ જાય છે. ઇચ્છા અનુસાર

૧૧) તરોપો (મીડીયમ સાઇઝ)

**છોકરાવાળાએ પણ ચાંલ્લામાં આપવાની વસ્તુ**

૧) ચાંદીના સાંકડા, ઝુડો પોતાની ઇચ્છા અનુસાર

૨) સાડી (ચણીયા ચોળી, ગાઉન, ડ્રેસ)
૩) છોકરાવાળા કે છોકરીવાળા પક્ષને નાસ્તો કે જમાડતા હોય છે.

આમ પાકા ચાંલ્લાની તૈયારી કરી છોકરાવાળાને ત્યાં છોકરીવાળા નક્કી કરેલી સંખ્યામાં જાય છે. વિધિ પૂર્ણ કરે છે.

બ્રાહ્મણ છોકરાવાળા પક્ષથી આવે છે. ગણપતિ પૂજા કરાવી ચાંલ્લીની રીત કરાવે છે. કુંવારીકા બાજુમાં બેસે છે. હાથમાં તરોપો પકડી દીકરીના પિતા થનાર જમાઇરાજને પગમાં ઉતરવું પાણીથી પગ ધોઇ હાથમાં ચડતું પાણી અને કપાળે તિલક કરી હાથમાં તરોપો મૂકી - પાન મૂકી કવર ગીફ્ટ આપે છે. તેને પેશની રીત કહે છે.

પહેલાના જમાના કે હજુ પણ છોકરી પક્ષમા બધા પુરુષો આ રીતે કરતા હોય છે પરંતુ હવે દીકરા-દીકરીને ખુરશી-સોફા પર બેસાજી બધાં જ વડીલો ઉપર જઇ ગીફ્ટ આપી આશીર્વાદ આપી ફોટોશેસન કરાવતા હોય છે.

આ પછી જમણવાર કે નાસ્તા થતા હોય છે. પછી બંને પક્ષે લગ્નની તારીખ અંગે ચર્ચા કરી તપાસ નક્કી કરતા હોય છે.

નોંધ : લગ્નની તારીખ નક્કી થાય અને લગ્નની તૈયારી ખરીદી કરતાં પહેલા પહેલા સારો શુભ દિવસે લાલ નળા-છડી, કંકુ, સોપારી, જીરૂ-મીઠુ (થોડું લાવવું) આમ પાંચ વસ્તુની પ્રથમ ખરીદી કરવી શુકન મનાય છે. વસ્તુ લાવી ભગવાન પાસે મૂકવી લગ્નના કામમાં ઉપયોગમાં લેવી, પછી લગ્નની બધી તૈયારી કરવી.

## કંકોત્રી છપાવવી

સારો દિવસ જોઇને કંકોત્રી છાપવામાં આવે છે. કંકોત્રી આવે એટલે  એક કંકોત્રી કંકુના છાંટા કરી ઘરમાં

ભગવાન પાસે મૂકવામાં આવે છે.

પ્રથમ કુળદેવીને આમંત્રણ આપવું.

પોતે જે ભગવાનમાં શ્રધ્ધા રાખતા હોય તે ભગવાનના મંદિરે જઈ કંકોત્રી અને સાકર, મીઠાઇ લઇ ભગવાનને આમંત્રણ આપવું.

મોસાળમાં આમંત્રણ આપાતા જવું પછી કુટુંબ મિત્રવર્તુળમાં કંકોત્રી વહેંચવી.

## માટલીની વિધિ

લગ્નની તારીખની આગળના દિવસોમાં દીકરી પક્ષ તરફથી શુકનની વસ્તુઓ દીકરાવાળા પક્ષે મોકલતા હોય છે. વર્ષોથી ચાલતો આ રિવાજ છે.

૨૧,૧૯,૧૭,૧૫,૧૩,૧૧,૭,૫,૩ દિવસ અગાઉ એક સંખ્યા હોય તે મુજબ અનૂકુળતાએ માટલી મોકલવાનો લાડવાનો ડબ્બો રિવાજ હોય છે.

**માટલી મોકલવા માટે મોકલાતી વસ્તુઓ :**

મહારાજના હાથે લખેલી કંકોત્રી

શણગાર સજીને બનાવેલી સુંદર લખાણવાળી કંકોત્રી.

લાડવાનો ડબ્બો – મુખ્ય ગર, મામા, કાકા,નણંદ માટે પણ માટલી

સ્વરૂપે લાડવાના ડબ્બા મોકલવામાં આવે છે. માટલીના લાડવામાં લાગણી અનુસાર લાડવા મોકલે છે, ૨૧, શેર, ૧૫ શેર, ૧૧ શેર, ૫ શેર મોકલવામાં આવે છે.

ડબ્બામાં નીચે પૈસા, સોપારી મુકી લાડવો ભરવામાં આવે છે. ઉપર શણગાર કરી મોકલવામાં આવે છે.

નોંધ : માટલીનો લાડવા આવે તેમાંથી પોછો થોડો લાડવો દીકરાની મા વહુ માટે લાડવો અને ચાંલ્લા કવર મોકલે છે. (હવે રિવાજ બંધ જેવો જ છે.)

**અનાવિલ રિવાજ દર્પણમાંથી સાભાર સ્વીકાર**

# સાભાર - સ્વીકાર

## જનરલ ડોનેશન ફંડ

| | | |
|---|---|---|
| ૧૫.૪ | દેવેન્દ્રા દેસાઈ - નવસારી | ૧,૦૦૦/- |
| ૧૬.૪ | કીર્તીકુમાર આર. નાયક - સચીન | ૧,૧૦૦/- |

## જય અનાવિલ ફંડ

| | | |
|---|---|---|
| ૧૯.૪ | દેવાંગ દેસાઈ - વિલેપાર્લા (વે) | ૨૪,૦૦૦/- |
| ૨૫.૪ | હરક્યુલસ પીગમેન્ટ પ્રા.લી.-અંધેરી(વે) | ૩૦,૦૦૦/- |

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

# શુકલેશ્વર ધામે 24 બટુકોનો યજ્ઞોપવિત સમારોહ સંપન્ન

ભાસ્કર ન્યૂઝ | નવસારી

શુક્લેશ્વર અનાવળ તીર્થધામે આયોજિત વેદસૂત્રના ગુંજન સાથે નવિનીકરણ થયેલ પૂ. યોગાનંદસરસ્વતિ-ગાંડા મહારાજ સંસ્કાર ભવનમાં 24 બટુકોનો ઉપનયન સંસ્કાર સમારોહ પ્રધાન ભૂદેવ કેયુર શાસ્ત્રી અને તેની ટીમે વિધિવિધાનથી સંપન્ન કર્યો હતો. આ સંસ્કારવિધિમાં જાત કર્મ સંસ્કાર, આજીવિકા પરીક્ષાવિધિ, મુંડન સંસ્કાર, મુંજાવો બટુક યાત્રાથી સમારોહ શોભાયમાન બન્યો હતો. મુંજાવો ભાગે મામા-મામી, મિત્રો દોડે, ખભે બેસાડીને વરઘના આનંદથી લાવે અદભૂત દ્રશ્યો હતા. પારિવારિક સંબંધોની પરમસીમા જોવા મળતી હતી. હોલ તથા બહારના મંડપમાં શીતળતા માટે કુલરો, ભોજન, ફરાળની વ્યવસ્થાનું આયોજન કરાયું હતું. મંડળના પ્રમુખ જિરેન દેસાઈએ આ બટુકોને શુભેચ્છા પાઠવી અને ધામે પધારેલા આભાર વ્યક્ત કર્યો હતો. શિક્ષણવિદ ગૌતમ મહેતાએ નવસારીએ સમગ્ર સમારોહને બિરદાવતા જણાવ્યું હતું કે શુક્લેશ્વર ધામ અનાવળે સાદગી સાથે જરૂરી સુવિધાનું આયોજનથી 24 બટુકોએ દ્વિજત્વની ઉંચાઈ પ્રાપ્ત કરી છે. આ તીર્થધામે સત્યમ્, શિવમ અને સુંદરમ-પ્રાચીન-અર્વાચીન સંસ્કારનો સમન્વય થયો છે. જય શુક્લેશ્વર માસિકના સહસંપાદક પ્રા. જયુભાઈ નાયકે ઉદબોધનમાં ઉમેર્યું હતું કે આગામી ૭મી જૂન રવિવારના રોજ અનાવિલ સમાજ ચીખલી પંચકના ઉપક્રમે જય શુક્લેશ્વર માસિકની સુવર્ણજયંતી ઉત્સવ ઉજવણીનું આયોજન થઈ રહ્યું છે. આ માસિકની યાત્રાને વધાવવા ઉપસ્થિત રહેવા વિનંતી કરી તી. મંત્રી હિતેશ નાયકે સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો.



શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ને દાન માટે બેંક ઓફ ઇન્ડિયા નાં બાજુમાં દર્શાવેલ ફોટોને સ્કેન કરો.

A/c. No.
BOI 00901010000005414

# તા. ૦૯.૦૫.૨૦૨૪ થી તા. ૦૬.૦૬.૨૦૨૪
# સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૦ — *શુભ દિવસ — શુભ — વૈશાખ સુદ — લાભ — મે ૨૦૨૪

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૬.૦૮ શ્રી મંગલમ્ સૂ.અ.૧૯.૦૨ |
|---|---|---|---|---|
| ૧ | ગુરૂ | ૯ | કૃત્તિકા | ચંદ્ર દર્શન, દ્વિતીયા ક્ષય તિથિ |
| *૩ | શુક્ર | ૧૦ | રોહિણી | અક્ષય તૃતિયા (અખાત્રીજ), પરશુરામ જયંતી, ચંદન/ અધિકાર યાત્રા, જલકુંભ દાન, બુધ માર્ગી મેષમાં ૧૮.૪૪ (ચંદ્ર-મિથુન : ૨૨.૨૭) |
| ૪ | શનિ | ૧૧ | મૃગ. | વિનાયક ચતુર્થી, સૂર્ય કૃત્તિકામાં ૩.૦૩ |
| *૫ | રવિ | ૧૨ | આર્દ્રા | શ્રી નટવરલાલજી (કડોલતી) પાટોત્સવ, શ્રી આદ્યશંકરાચાર્ય / શ્રી રામાનુજાચાર્ય જયંતી (ચંદ્ર-કર્ક : ૨૯.૦૫) |
| *૬ | સોમ | ૧૩ | પુન. | ચંદન છઠ્ઠ |
| ૭ | મંગળ | ૧૪ | પુષ્ય | ગંગા સપ્તમી, ગંગા પૂજન, સૂર્ય વૃષભમાં ૧૭.૫૪, સંક્રાંતિ પુણ્યકાળ ૧૧.૩૦ થી ૧૭.૫૪ |
| ૮ | બુધ | ૧૫ | આશ્લે. | દુર્ગાષ્ટમી, બુધાષ્ટમી, અષ્ટમી વૃદ્ધિ (ચંદ્ર-સિંહ : ૧૫.૨૫) |
| ૮ | ગુરૂ | ૧૬ | મઘા | સીતા નવમી |
| *૯ | શુક્ર | ૧૭ | પૂ. ફા. | હરિ જયંતી (ચંદ્ર-કન્યા : ૨૮.૦૫) |
| ૧૦ | શનિ | ૧૮ | ઉ. ફા. | માધવરાયજી (જુનાગઢ)નો પાટોત્સવ |
| *૧૧ | રવિ | ૧૯ | હસ્ત | મોહિની એકાદશી ([illegible]), પરશુરામ / રૂકમિણી દ્વાદશી, અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૨૭.૧૬, શુક્ર વૃષભમાં ૮.૪૪ |
| *૧૨ | સોમ | ૨૦ | ચિત્રા | સોમ પ્રદોષ, સૂર્ય મિથુનમાં ૧૮.૩૧ (ચંદ્ર-તુલા : ૧૬.૩૫) |
| *૧૩ | મંગળ | ૨૧ | સ્વાતિ | શ્રી નૃસિંહ જયંતી |
| ૧૪ | બુધ | ૨૨ | સ્વાતિ | શ્રી આદ્યશંકરાચાર્ય કૈલાસગમન, વેદારામ જયંતી, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૬.૫૬) |
| *૧૫ | ગુરૂ | ૨૩ | વિશાખા | વ્રતની પૂનમ, વૈશાખી/બુદ્ધ પૂર્ણિમા, કૂર્મ જયંતી, વૈશાખ સ્નાન સ., વિંછુડો |
| *૧ | શુક્ર | ૨૪ | અનુરાધા | નારદ જયંતી, વિંછુડો, સૂર્ય રોહિણીમાં ૨૭.૧૭ |
| ૨ | શનિ | ૨૫ | જયેષ્ઠા | શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, વિંછુડો સમાપ્ત (ચંદ્ર-ધન : ૧૦.૩૭) |
| ૩ | રવિ | ૨૬ | મૂળ | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૨.૦૨, કળીના શૃંગારનો પ્રારંભ |
| *૪ | સોમ | ૨૭ | પૂ. ષા. | – (ચંદ્ર-મકર : ૧૬.૦૬) |
| ૫ | મંગળ | ૨૮ | ઉ. ષા. | શ્રી જલારામ મંદિર (ભુલેશ્વર) અને ભુવનેશ્વરી માતા મંદિર (ગોંડલ) નો પાટો., વૈધૃતિ મહા. ૧૯.૫૧ થી ૨૫.૨૦ |
| *૬ | બુધ | ૨૯ | શ્રવણ | પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૨૦.૦૦) |
| ૭ | ગુરૂ | ૩૦ | ધનિષ્ઠા | કાલાષ્ટમી, પંચક |
| *૮ | શુક્ર | ૩૧ | શત. | પંચક, બુધ વૃષભમાં ૧૨.૧૩ (ચંદ્ર-મીન : ૨૩.૧૧) |
| ૯ | શનિ | ૧ | ઉ. ભા. | જૂન : દશમી ક્ષય તિથિ, પંચક, હર્ષલ વૃષભમાં ૧૫.૧૬, પંચક, સૂર્ય રોહિણીમાં ૧૪.૫૩ |
| *૧૧ | રવિ | ૨ | રેવતિ | અપરા (સ્માર્ત) એકાદશી (કાકડી), ગુરૂ પૂર્વોદય, પંચક સ. (ચંદ્ર-મેષ : ૨૫.૪૧) |
| *૧૨ | સોમ | ૩ | અશ્વિની | અપરા (ભાગવત) એકાદશી (કાકડી) |
| ૧૩ | મંગળ | ૪ | ભરણી | ભૌમ પ્રદોષ, શિવરાત્રિ, વટ સાવિત્રી વ્રતારંભ, બુધ પૂર્વાસ્ત (ચંદ્ર-વૃષભ : ૨૮.૧૪) |
| ૧૪ | બુધ | ૫ | કૃત્તિકા | શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (પોરબંદર)નો ઉત્સવ |
| ૩૦ | ગુરૂ | ૬ | રોહિણી | દર્શ - ભાવુકા અમાવસ્યા, વટસાવિત્રી વ્રત (અમાવસ્યા પક્ષ), શનૈશ્ચર જયંતી |

## તમારી તમામ નાણાંકીય જરૂરીયાતોનો
## માત્ર એક છત્ર હેઠળ ઉપાય છેલ્લા ૩૫ વર્ષથી...




રિટાયરમેન્ટ પ્લાનિંગ | એસઆઇપી પ્લાનિંગ
પોર્ટફોલિયો સંચાલન સેવા | ઇક્વિટી એસઆઇપી
માસિકઆવકનું આયોજન | આઇ પી ઓ | ધ્યાન આધારીત નાણાંકીય આયોજન

# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

મુંબઇ : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઇ–૫૬. નેવીલ ડી. દેસાઇ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

નવસારી : જી–૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી–૩૯૬૪૪૫ દેવાંગ દેસાઇ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

સુરત : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઇ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

**E-mail : difcoinv@gmail.com**

## શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

**ક્રોશેલ-૪૭૦**

**ઉત્સાહ સાથે પીંછાનાં સ્પર્શનો અનુભવ કરો**

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'કોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.



એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

- એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી) ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
- મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.



- ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.
- સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
- વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં.૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

સમય: સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



## ઓપ્ટીશીયન શોપ

- દરેક બજેટ માટે ફ્રેમ
- તમારી બે આંખો વચ્ચેનું માપ અને આંખનું સેન્ટર ચેક કર્યા પછી સાયન્ટીફીક અને ટેકનીકલી પરફેક્ટ ચશ્મા બનાવવામાં આવશે.
- ગોગલ્સ તમારા નંબર સાથે
- ફ્રી સર્વિસ એક વર્ષ માટે

# સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

## ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી.

- તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-

તંત્રી શ્રી મધુસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યું.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, ફુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩